# શ્રી સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજની કાયમી ઉત્કર્ષ યોજનાઓ

## આ તમામ યોજનાઓ માટે અગત્યની સૂચના :-

**(૧) ઉત્કર્ષ યોજનાઓ સૌરાષ્ટ્ર-કચ્છમાં વસવાટ કરતા કુટુંબો માટે જ છે. કોઇ યોજનામાં વિદ્યાર્થી નહી હોયતો પારિતોષિક સમિતિ નક્કી કરે તે પ્રમાણે વ્યાજની રકમ વપરાશે.**

**(૨) શ્રેણી ૧ થી ૯ અને ૧૧ તેમજ એફ.વાય, એસ.વાય ની પરીક્ષાઓ સ્થાનિક રીતે લેવાતી હોવાથી તેને માટે પારિતોષિકની કોઇ યોજના નથી. તેની સૌ વાલીઓએ નોંધ લેવા વિનંતી. જેથી આ અંગે કોઇએ પત્ર વ્યવહાર ન કરવા વિનંતી.**

**(૩) પારિતોષિક માટે વિદ્યાર્થીએ લેખિત અરજી સાથે ગુણપત્રકોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ નામ-સરનામાં સાથે પારિતોષિક સમિતિના ચેરમેન, શ્રી સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ, જે સૂચવે તે, સરનામે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં મોકલી આપવાની રહેશે.**

**(૪) આ બધી યોજના માટે સબંધિત સૌ ૧૫ ઓગષ્ટથી ગુણપત્રકો વગેરે મોકલવાની કે ફોર્મ મંગાવવાની શરૂઆત કરે. સપ્ટેમ્બર માસના અંત સુધી જ ગુણપત્રકો અરજીઓ ફોર્મ વગેરે સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેતી હોય છે. આમ બે મહિનાનો પૂરતો સમયગાળો સૌને આપવામાં આવે છે.**

**(૫) ઉત્કર્ષ યોજના નંબર ૨૨, ૨૩, ૨૪ અને ૨૫ માટેના નિયત ફોર્મ મેનેજીંગ ટ્રસ્ટીશ્રીના એડ્રેસ પર ૩૦ સપ્ટેમ્બર સુધીમાં મોકલવાના રહેશે.**

**(૬) ઉત્કર્ષ યોજના નં. ૯ અને ૧૦ માટે પણ મેનેજીંગ ટ્રસ્ટીને આધારો સાથે જાણ કરવાની રહેશે.**

**(૭) તમામ ઉત્કર્ષ યોજનાનું નાણા ભંડોળ પુરતુ નથી જ. તેથી દાતાશ્રીઓને વિનંતી કે પોતાને યોગ્ય લાગે તે યોજનામાં ઉદાર હાથે અને હૃદયે અવશ્ય ફાળો આપે/અપાવે. યોજનામાં રકમ જેમ-જેમ વધતી જશે તેમ-તેમ આપણે યોજના સબંધિત સૌ કોઇ વિદ્યાર્થી ભાઇ-બહેનોને વધારે ને વધારે સહાય આપી તેમને સહાયભૂત થતા જઇશું તેથી આ તકે સૌ ને તે યોજનામાં મદદરૂપ થવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.**

## ઉત્કર્ષ યોજના નં. ૧

(ક) પૂજ્ય આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજશ્રી, શ્રી ભુવનેશ્વરી રજતચંદ્રક, પારીતોષિક રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

**સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મળેલા કુલ ગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી બી.એ., બી.એસ.સી., બી.કોમ., એમ.એ., એમ.એસ.સી., એમ.કોમ. મા પ્રથમ ક્રમે આવશે તેમને રજતચંદ્રક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.**

(ખ) શ્રી ધીરૂભાઇ એસ. શુકલ - અમદાવાદ તેમજ જય પરશુરામ યુવા ગૃપ (સમસ્ત બ્રહ્મસમાજ) હ : પ્રમુખશ્રી હિતેશભાઇ બી. જોષી - રાજુલા તરફથી રોકડ પુરસ્કાર.

**બી.એ. માં ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.**

## ઉત્કર્ષ યોજના નં. ૨

(ક) બ્રહ્મલીન પૂજ્ય આચાર્યશ્રી ચરણતિર્થજી મહારાજશ્રી, શ્રી ભુવનેશ્વરી સંસકૃત સુવર્ણચંદ્રક, પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

**સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મળેલ કુલ ગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી એસ.એસ.સી. (સંસ્કૃત વિષયમાં) એચ.એસ.સી. (સંસ્કૃત વિષયમાં) બી.એ. અને એમ.એ. (સ્પે. સંસ્કૃત વિષયમાં) પ્રથમ ક્રમે આવશે તેને સુવર્ણચંદ્રક પારીતોષિક, રોકડ પુરસ્કાર ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.**

(ખ) શ્રી ધીરુભાઈ એસ. શુકલ – અમદાવાદ તેમજ જય પરશુરામ યુવા ગૃપ (સમસ્ત બ્રહ્મસમાજ) હ : પ્રમુખશ્રી હિતેશભાઈ બી. જોષી – રાજુલા તરફથી રોકડ પુરસ્કાર.

- એસ.એસ.સી માં ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(ગ) શ્રી ધીરુભાઈ એસ. શુકલ – અમદાવાદ તેમજ જય પરશુરામ યુવા ગૃપ (સમસ્ત બ્રહ્મસમાજ) હ : પ્રમુખશ્રી હિતેશભાઈ બી. જોષી – રાજુલા તરફથી રોકડ પુરસ્કાર.
એચ.એસ.સી માં ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(ઘ) શ્રી અજીતભાઈ શાસ્ત્રી – અમદાવાદ તેમજ જય પરશુરામ યુવા ગૃપ (સમસ્ત બ્રહ્મસમાજ) હ : પ્રમુખશ્રી હિતેશભાઈ બી. જોષી – રાજુલા તરફથી રોકડ પુરસ્કાર.
એસ.એસ.સી માં ગણિત વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને પ્રથમ અને દ્વિતિય ક્રમે આવનાર વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(ચ) કુ. હાર્દિકાબેન રમેશભાઈ ઉપાધ્યાય હ. ક્રિષ્નાબેન આર. શાસ્ત્રી–મોરબી તરફથી રોકડ પુરસ્કાર.
એસ.એસ.સી માં વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૩

રાજવૈદ્ય જીવરામ કાળીદાસ શાસ્ત્રી, શ્રી ભુવનેશ્વરી આયુર્વેદીક સુવર્ણચંદ્રક, પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.
સૌરાષ્ટ્ર–કચ્છમાંથી મળેલ કુલ ગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી આયુર્વેદના. દરેક વર્ષ (સેમેસ્ટર) પ્રથમ ક્રમે આવશે તેને સુવર્ણચંદ્રક પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૪

કુમારી નમ્રતા ઘનશ્યામજી વ્યાસ, શ્રી ભુવનેશ્વરી હોમ સાયન્સ સુવર્ણચંદ્રક, પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.
સૌરાષ્ટ્ર–કચ્છમાંથી મળેલ કુલ ગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી હોમસાયન્સના છેલ્લા વર્ષમાં પ્રથમ ક્રમે આવશે તેને સુવર્ણચંદ્રક પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૫

કુમારશ્રી રવિદર્શનજી ઘનશ્યામજી વ્યાસ, શ્રી ભુવનેશ્વરી ફાઈન આર્ટસ, સુવર્ણચંદ્રક, પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.
સૌરાષ્ટ્ર–કચ્છમાંથી મળેલ કુલ ગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી ફાઈન આર્ટસના છેલ્લા વર્ષમાં પ્રથમ ક્રમે આવશે તેને સુવર્ણચંદ્રક પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. (જો તે ન હોય તો જ એક ઉત્તમ ચિત્રકારને)

## ઉત્કર્ષ યોજના નં. ૬

(ક) ડૉ. શ્રી પદ્માવતી વૈદ્ય, શ્રી ભુવનેશ્વરી રજતચંદ્રક, પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.
સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મળેલા કુલ ગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી એસ.એસ.સી., એચ.એસ.સી. (આર્ટસ) એચ.એસ.સી. (કોમર્સ) અને એચ.એસ.સી. (સાયન્સ) માં પ્રથમ બે ક્રમે આવશે, બન્નેને રજતચંદ્રક પારીતોષિક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

(ખ) ડો. શ્રી ઈન્દુકુમાર જે. ભટ્ટ – અમરેલી, શ્રી ચુનીલાલભાઈ જાદવજીભાઈ જાની – ધોરાજી. શ્રી દયાશંકરભાઈ રતનજીભાઈ ભટ્ટ–ઘાટકોપર (મુંબઈ) ડો. એન.એસ.ત્રિવેદી – જામનગર અને સ્વ. શ્રી નર્મદાશંકરભાઈ એલ. ઉપાધ્યાય –રાજકોટ તરફથી રોકડ પુરસ્કાર.

એસ.એસ.સી., એચ.એસ.સી. (ત્રણેય પ્રવાહમાં) પ્રથમ બે ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(ગ) જ્યોતિર્વિદ્ ત્રિપાઠી શ્રી ગિરજાશંકરભાઈ સી. શાસ્ત્રી – ભૂજ તરફથી રોકડ પુરસ્કાર.

એસ.એસ.સી. સંસ્કૃત વિષયમાં પ્રથમ દ્રીતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૭

(ક) સ્વ. શ્રી વાસંતીદેવી વાસુદેવભાઈ દવે – પરિવાર (નાઈરોબી) વિદ્યાતેજક પારિતોષિક.

સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મળેલા કુલગુણ પત્રકોમાંથી જે વિદ્યાર્થી કોલેજ અને યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાની છેલ્લી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવશે તેવા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે. આવેલી કુલ અરજીઓને ધ્યાનમાં લઈને બીજા કે ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીઓને શકય હશે તો જ રોકડ પુરસ્કાર આપવાનું વિચારાશે.

(ખ) સ્વ. શ્રી હરિલાલભાઈ જાદવજીભાઈ ઉપાધ્યાય–ધોરાજી તરફથી રોકડ પુરસ્કાર.

જર્નાલીઝમમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવામાં આવશે જો કોઈ વિદ્યાર્થી જર્નાલીઝમમાં નહી હોય તો પારિતોષિક સમિતિ નકકી કરશે તેને વ્યાજની રકમ રોકડ પુરસ્કાર તરીકે ચુકવાશે.

(ગ) શ્રીમતિ મંછાબેન વી.પાઠક – ભાવનગર તરફથી રોકડ પુરસ્કાર.

બી.એડ.માં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને (ક) ઉપરાંત રોકડ પુરસ્કાર આપવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થી બી.એડ.માં નહી હોય તો પારિતાષિક સમિતિ નકકી કરશે તેને આ વ્યાજની રકમ રોકડ પુરસ્કાર તરીકે ચુકવાશે.

## ઉત્કર્ષ યોજના નં. ૮

(ક) અ.સૌ. સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ – જુનાગઢ તરફથી (સંસ્કૃત) રોકડ પુરસ્કાર.

સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મળેલ કુલગુણપત્રકોમાંથી જે વિદ્યાર્થી એસ.એસ.સી., એચ.એસ.સી. અને બી.એ માં સંસ્કૃત વિષયમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવશે તેમને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૯

શ્રી અનિલા ઘનશ્યામજી વ્યાસ, શ્રી ભુવનેશ્વરીપીઠ ગોંડલ તરફથી સન્માનપત્ર (શાલ તેમજ રજતચંદ્રક સહિત) ડૉ. શ્રી રસિકભાઈ જે. ઠાકર – થાનગઢ તરફથી પણ યોજનામાં નોંધપાત્ર દાન મળેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં રહેનાર જે મહાનુભાવોને સાહિત્ય, કલા, શિક્ષણ, સંગીત, રમતગમત, હોમગાર્ડઝ, સમાજ સેવા જેવા વિભિન્ન ક્ષેત્રે રાજ્યસરકાર કે ભારત સરકાર તરફથી એવોર્ડ / પ્રમાણપત્રો મળેલા હોય તેવા મહાનુભાવોને શાલ, રજતચંદ્રક અને સન્માનપત્ર અર્પણ કરીને તેમનું ભવ્ય બહુમાન સંસ્થા તરફથી કરવામાં આવશે. આ માટેનું કોઈ નિયત અરજી ફોર્મ નથી પરંતુ આવા મહાનુભાવોએ સરકારશ્રી તરફથી મળેલ એવોર્ડ/પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો પોતાની વ્યાવસાયિક અને કૌટુંબિક સંપૂર્ણ બાયોડેટા સાથેની અરજી સુવાચ્ય અક્ષરોમાં મોકલવાની રહેશે.

## ઉત્કર્ષ યોજના નં. ૧૦

બ્રહ્મલીન પૂજ્ય માતુશ્રી લીલીતાબા, શ્રી ભુવનેશ્વરી રજતચંદ્રક, પારિતોષિક અને પ્રશસ્તિપત્ર (રાજ્ય / રાષ્ટ્રીય પારિતોષિક સિવાય)

સૌરાષ્ટ્ર-કચ્છમાં રહેનાર જે મહાનુભાવોને રાજ્ય સરકાર કે ભારત સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ ન હોય પરંતુ જેમનાં પ્રદાનની રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ અદ્ધિતીય નોધ લેવાઈ હોય તેવા મહાનુભાવોને રજતચંદ્રક અને પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરવામાં આવશે. (દા.ત ચોખાના દાણા પરના લખાણની નોંધ લેવાઈ હોય, ખ્યાતનામ કવિ લેખક હોય, કાર રેલીમાં કે આંતરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાય હોય, કલાકૃતિઓનો વન-મેન શો યોજાયો હોય તેવી સિદ્ધી ધરાવતા મહાનુભાવોનો આ યોજનામાં સમાવેશ થઈ શકે છે.) આવા મહાનુભાવોએ પોતાની વ્યાવસાયિક અને કૌટુંબિક સંપૂર્ણ બાયોડેટા સાથેની અરજી સુવાચ્ય અક્ષરોમાં મોકલવાની રહેશે. કોઈપણ પ્રમાણપત્રો સામેલ કરેલ હોય તો તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલો પણ મોકલવાની રહેશે.

## ઉત્કર્ષ યોજના નં. ૧૧

(ક) શ્રી ભીમજીભાઈ કે. કોઠારી – ભોદ તરફથી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

ડીપ્લોમાં એન્જિનિયરીંગની બધી જ વિદ્યાશાખાઓમાંથી આવેલ અરજીઓમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રોકડ પંરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(ગ) સ્વ. શ્રી હર્ષદરાય ચીમનલાલ ત્રિવેદીની સ્મૃતિમાં શ્રી ચંદ્રિકાબેન એચ. ત્રિવેદી–સુરેન્દ્રનગર તરફથી રોકડ પુરસ્કાર.

ડીપ્લોમાં કોમ્પ્યુટરમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૧૨

ડો. શ્રી આર. ડી. વ્યાસ – ધોરાજી તરફથી સુવર્ણચંદ્રક પારિતોષિક અને પ્રમાણપત્ર

સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મળેલ ગુણપત્રકમાંથી એમ. એસ. અથવા એમ.ડી. અથવા એમ.બી.એ. અથવા એમ.બી.બી.એસ. પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર આપવામાં આવશે. જો આ વિદ્યાશાખાઓમાં કોઈ વિદ્યાર્થી ન હોય તો જ યુનીવર્સિટીમાં પ્રથમ ક્રમે આવેલ અને જેના સૌથી વધુ ગુણ હોય તેને જ આ સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર આપાશે જો ઉપરની વિગતે કોઈ વિદ્યાર્થી ન હોયતો જ પારીતોષિક સમિતિ નકિક કરે તેને સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર અપાશે.

## ઉત્કર્ષ યોજના નં. ૧૩

શ્રી કરશનભાઈ કે. રાજયગુરૂ – અડવાણા તરફથી સુવર્ણચંદ્રક, પારિતોષિક અને પ્રમાણપત્ર

સૌરાષ્ટ્ર-કચ્છમાંથી જે વિદ્યાર્થીએ એન્જીનિયરીંગની વિદ્યાશાખામાં ડબલ ગ્રેજ્યુએશનની ડીગ્રી મેળવેલ હોય અને તેમાં તેના સૌથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર આપવામાં આવશે. જો આ વિદ્યાર્થી ન હોય તો જ એન્જીનિયરીંગની ગ્રેજ્યુએશનની ડીગ્રીમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર અપાશે. ઉપરની વિગતે કોઈ વિદ્યાર્થી ન હોય તો જ પારિતોષિક સમિતિ નકકી કરે તેને સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર અપાશે.

## ઉત્કર્ષ યોજના નં. ૧૪

(અ) ડો.શ્રી રશ્મિબેન એન. ત્રિવેદી (એમ.ડી.–ગાયનેક) જુનાગઢ (હાલ–અમદાવાદ) તરફથી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

(ક) એસ.એસ.સી. માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર બહેનોને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.
(ખ) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયોમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર બહેનોને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.
(ગ) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં માત્ર ગણિત, વિજ્ઞાન વિષયોમાં પ્રથમ ક્રમે આવનાર બહેનને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર

(બ)
(ક) એચ.એસ.સી. આર્ટસમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર બહેનને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર
(ખ) એચ.એચ.સી.કોમર્સમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર બહેનને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

(ક) ડો. શ્રી રશ્મિબેન એન.ત્રિવેદી (એમ.ડી.–ગાયનેક) જુનાગઢ (હાલ અમદાવાદ) તરફથી સ્વ. સિધ્ધાર્થ નર્મદાશંકર ત્રિવેદીની પુણ્ય સ્મૃતિમાં રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

બી.એડ.માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર બહેનને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.

## ઉત્કર્ષ યોજના નં. ૧૫

શ્રી મનજીભાઈ નરશીભાઈ કુછડીયા – રાણાવાવ તરફથી રજતચંદ્રક,પારિતોષિક અને પ્રમાણપત્ર.

(ક) બી.એ., બી.એસ.સી. અને બી.કોમ એ ત્રણેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીને રજતચંદ્રક અને પ્રમાણપત્ર આપવામાં આવશે.
(ખ) એમ.એ., એમ.એસ.સી. અને એમ.કોમ એ ત્રણેયમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીને રજતચંદ્રક અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૧૬

*શ્રી રસીકભાઈ જે. ઠાકર – થાનગઢ તરફથી હોમિયોપેથી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર*

**બી.એચ.એમ.એસ તથા ડી.એચ.એમ.એસ.માં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.**

## ઉત્કર્ષ યોજના નં. ૧૭

*શ્રી કરશનજીભાઈ કે. રાજયગુરૂ – અડવાણા તરફથી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર.*

**એમ.એ., એમ.એસ.સી., એમ.કોમ., એમ.એડ., એમ.બી.બી.એસ., એમ.એસ. અને એમ.ડી. એ દરેકમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.**

## ઉત્કર્ષ યોજના નં. ૧૮

*સૌરાષ્ટ્ર – કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ તરફથી પી.ટી.સી.માં રજતચંદ્રક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર (આ યોજના સૌરાષ્ટ્ર – કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ ટ્રસ્ટ દ્વારા થયેલ બચતમાંથી ૧૯૯૯–૨૦૦૦ ના વર્ષથી શરૂ કરવામાં આવેલ છે.)*

**પી.ટી.સી. માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રજતચંદ્રક, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.**

## ઉત્કર્ષ યોજના નં. ૧૯

*શ્રી શીવપ્રભા સ્મારક ટ્રસ્ટ હસ્તે શ્રી ચંદુભાઈ પ્ર. જોશી – જાફરાબાદ તરફથી રોકડ પુરસ્કાર.*

**સી.પી.એડ. માં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.**

## ઉત્કર્ષ યોજના નં. ૨૦

*સૌજન્યઃ– શ્રી મનજીભાઈ નરશીભાઈ કુછડીયા–રાણાવાવ તરફથી ''સાંદીપની વિદ્યાનિકેત સભ્ય નોંધણી ટ્રોફી'' તથા કિરીટભાઈ તેમજ પ્રફુલ્લભાઈ એન. ત્રિવેદી (જુનાગઢ) તરફથી.*

**જે મહાનુભાવો (તે હોદેદારો હોય કે ન હોય) તે એક જ માસમાં ૨૫ આજીવન સભ્ય નોંધી એક બુક પુરી કરશે તેને ''શ્રી સાંદીપની વિદ્યાનિકેત સભ્ય નોંધણી ટ્રોફી'' પારિતોષિક સમારંભમાં કે અધિવેશનમાં અપાશે. આ વ્યકિતગત રીતે અપાતી ટ્રોફી છે.**

## ઉત્કર્ષ યોજના નં. ૨૧

*સૌરાષ્ટ્ર–કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ તરફથી ''વિધવા સહાય કાયમી ફંડ'' વૃદ્દિધ ટ્રોફી.*

**જે મહાનુભાવો એક જ માસમાં રૂ ૧૧,૧૧૧/-એકત્રિત કરી અપાશે તેને ''વિધવા કાયમી સહાય ફંડ વૃદ્ધિ ટ્રોફી'' પારિતોષિક સમારંભમાં કે અધિવેશનમાં અપાશે. આ વ્યકિતગત રીતે અપાતી ટ્રોફી છે.**

## ઉત્કર્ષ યોજના નં. ૨૨

*શ્રી શશીકાંતભાઈ કે.રાવલ (જામનગર વતની–હાલ નાઈરોબી) તરફથી લોન સ્કોલરશીપ.*

**સૌરાષ્ટ્ર-કચ્છમાં જે વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા હોય (પિતાશ્રીની આવકનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે.) અને જે બી.એ., બી.એસ.સી., બી.કોમ. તથા એમ.એ., એ.એસ.સી., એમ.કોમ,ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હોય તેમને રૂા.૧૦૦૦/- ની વગર વ્યાજની લોન અપાશે. પરીક્ષા ઉતિર્ણ કર્યા પછીથી પ્રતિ માસે રૂા.૧૦૦ લેખે ૧૦ સરળ હપ્તેથી લોન પરત કરવાની રહેશે આ અંગેનું નિયત ફોર્મ મંગાવવાનું રહે છે.**

## ઉત્કર્ષ યોજના નં. ૨૩

**શ્રી ભુવનેશ્વરી પીઠ – ગોંડલના આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજશ્રી તથા સમસ્ત બ્રહ્મસમાજના વિવિધ મહાનુભાવો તરફથી મેરીટ સ્કોલરશીપ (શિષ્યવૃતિ).**

ઉચ્ચ અભ્યાસ કરતા તેજસ્વી કારકીર્દી ધરાવતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ કે જે મેડીકલ, ડીગ્રી/ ડીપ્લોમાં એન્જીનિયરીંગ (કોઈપણ વિદ્યાશાખા) એમ.બી.એ., બી.બી.એ, સી.એ., પી.એચ.ડી., જેવા ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મેરીટ સ્કોલરશીપ આપવામાં આવશે. આ અંગેનું નિયત ફોર્મ મંગાવી તેમાં માંગ્યા મુજબની જરૂરી સંપૂર્ણ વિગતો તેમજ આધારો સાથે નિયત સમયમર્યાદામાં પરત કરવાનું હોય છે

## ઉત્કર્ષ યોજના નં. ૨૪

**સ્વ. શ્રી નર્મદાશંકર જેઠાલાલ ત્રિવેદી (હઃ ડો. રશ્મિબેન એન.ત્રિવેદી) એમ.ડી., ગાયનેક – જુનાગઢ તરફથી ‘‘વિદ્યાસહાયક કાયમી ફંડ’’.**

સૌરાષ્ટ્ર-કચ્છના જે વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા અને ખરેખર જરૂરીયાતમંદ હોય તેવા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, મહાવિદ્યાલય, મેડીકલ એન્જીનીયરીંગ કે અન્ય કોઈપણ ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને પુસ્તક ખરીદી, શૈક્ષણિક સાધનોની ખરીદી,ગણવેશ ખરીદી વગેરે માટે તે છતા સંસ્થાને યોગ્ય લાગે તેવા હેતુ સબબ જરૂરીયાતની ખરાઇ કરી રૂા.૩૦૦/-થી૧૦૦૦/-સુધી મદદ આપવામાં આવશે.

પર્યાપ્ત ફંડ એકત્રિત થયેલી મેડીકલ તથા એન્જીનીયરીંગના વધાર્થીઓને વગર વ્યાજે લોન સ્વરૂપે મદદ અપાશે. જે અભ્યાસ પૂર્ણ કર્યેથી સરળ હપ્તેથી સંસ્થાને પરત કરવાની રહેશે. આ અંગેનું નિયત ફોર્મ મંગાવી તેમાં માંગ્યા મુજબની જરૂરી સંપુર્ણ વિગતો તેમજ આધારો સાથે નિયત સમયમર્યાદામાં પરત કરવાનું હોય છે.

## ઉત્કર્ષ યોજના નં. ૨૫

**વિધવા સહાય યોજના.**

આપણા સમાજની નિરાધાર, નિઃસહાય, કોઇ કમાનાર ન હોય તેવા એકલા રહેતા ખરેખર જરૂરીયાત મંદ વિધવા બહેનોને જ વર્ષમાં ફકત એક જ વાર શકયતઃ દિવાળી પહેલા મનીઓર્ડર દ્વારા આ મદદ આપવામાં આવશે આ માટેનું નિયત ફોર્મ ઓગષ્ટ માસમાં મંગાવી તેમાં માગ્યા મુજબની સંપૂર્ણ વિગતો ભરી, રેશનકાર્ડની પ્રમાણિત ઝેરોક્ષ નકલ સાથે તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જે તે જીલ્લાનાં પ્રમુખશ્રી મહામંત્રીશ્રી મારફતે પરત મોકલવાનું હોય છે. સરકારશ્રી તરફથી આવી બહેનોને પ્રતિ માસ આર્થિક સહાય આપવામાં આવતી હોય તે લાભ લેવા અપાવવા અનુરોધ છે જેથી અન્ય જરૂરિયાત મંદ બહેનોને વધુ મદદ કરી શકાય.

## ઉત્કર્ષ યોજના નં. ૨૬

**(અ) ‘‘માં ભુવનેશ્વરી ટ્રોફી’’ હસ્તે શ્રી ભુવનેશ્વરી પીઠ ગોંડલના આચાર્યશ્રી પૂ. ઘનશ્યામજી મહારાજ – ગોંડલ.**

સૌરાષ્ટ્ર-કચ્છના સમસ્ત બ્રહ્મસમાજના કુલ જીલ્લાઓ પૈકી નાણાકીય વર્ષ દરમિયાન સૌથી વધુ કાયમી સભ્યો (એટલે કે પેટ્રન, શુભેચ્છક, સંસ્થાગત કે વ્યકિતગત કે આજીવન સભ્યો) વરિષ્ઠ પાંખ, યુવાપાંખ, કે મહિલાપાંખ નોંધશે તે જીલ્લાને ‘‘માં ભૂવનેશ્વરી ટ્રોફી’’ અધિવેશનમાં આપવામાં આવશે.

**(બ) ડૉ. શ્રી રસિકભાઈ જે. ઠાકર – થાનગઢ તરફથી ‘‘વિધવા સહાય ટ્રોફી’’**

જે જીલ્લો જે તે નાણાકીય વર્ષમાં વિધવા સહાય કાયમી ફંડમાં (અધિવેશન વખતે એકત્રિત થયેલ સામાન્ય રકમને બાદ કરતા) સૌથી વધુ રકમ એકત્રિત કરશે તે જીલ્લાને વિધવા સહાય ટ્રોફી આપવામાં આવશે.

## ઉત્કર્ષ યોજના નં. ૨૭

**‘‘સ્વામી સચ્ચીદાનંદ એવોર્ડ’’ હસ્તે શ્રી પરશુરામધામ – મોરબી.**

ધોરણ ૧૨ સાયન્સમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને એક લાખ રૂપિયાના વ્યાજની રકમમાંથી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.